Read in English

॥ વચનામૃત ॥

## ગઢડા અંત્ય ૧૧ : સીતાજીના જેવી સમજણનું

સંવત ૧૮૮૪ના આષાઢ સુદિ ૩ તૃતીયાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે એક પ્રશ્ન પૂછીએ જે, ઇન્દ્રિયો ને મન એ બેને જીત્યાનું એક સાધન છે? કે ઇન્દ્રિયોને જીત્યાનું જુદું સાધન છે ને મનને જીત્યાનું જુદું સાધન છે? એ પ્રશ્ન છે." પછી મોટા મોટા પરમહંસ હતા તેમણે જેવું જેને ભાસ્યું તેવું તેમણે કહ્યું પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહીં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "એનો ઉત્તર તો એમ છે જે, **વૈરાગ્ય, સ્વધર્મ, તપ અને નિયમ એ ચાર સાધને કરીને ઇન્દ્રિયો જિતાય છે અને ભગવાનની માહાત્મ્ય સહિત જે નવધા ભક્તિ તેણે કરીને મન જિતાય છે."**

પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "જેવી નિર્વિકલ્પ સમાધિને વિષે ભગવાનના ભક્તને શાંતિ રહે છે, તેવી એ સમાધિ વિના પણ શાંતિ રહે એવો શો ઉપાય છે?" પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "જેવી પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે, તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે; એ જ એનો ઉત્તર છે."

પછી શ્રીજીમહારાજે વળી પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, "ગમે તેવાં ભૂંડાં દેશકાળાદિક પ્રાપ્ત થાય તો પણ કોઈ રીતે કલ્યાણના માર્ગમાંથી પાછો પડે જ નહીં, એવો જે હરિભક્ત હોય તેને કેવી જાતની સમજણ હોય જે, જે સમજણે કરીને એવી રીતની એને દૃઢતા આવે છે જે, તેને વિષે કોઈ રીતનું વિઘ્ન લાગતું નથી?" પછી મોટા મોટા સંત હતા તેમાં જેવું જેને ભાસ્યું તેવો તેણે ઉત્તર કર્યો, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહીં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,

“એનો ઉત્તર તો એમ છે જે, **જીવને જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે તેવી ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ હોય તો તેને કોઈ રીતનું વિઘ્ન લાગે નહીં. અને ગમે તેવાં દેશકાળાદિક ભૂંડાં આવે તેણે કરીને એ ભગવાન ને ભગવાનના ભક્ત થકી વિમુખ થાય નહીં.”**

પછી વળી શ્રીજીમહારાજે પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, “જાનકીજીને રામચંદ્રજીએ વનવાસ દીધો ત્યારે જાનકીજીએ અતિશય વિલાપ કરવા માંડ્યો. ત્યારે લક્ષ્મણજી પણ અતિશય દિલગીર થયા. પછી સીતાજી લક્ષ્મણજી પ્રત્યે બોલ્યાં જે, ‘હું મારા દુઃખ સારુ નથી રોતી, હું તો રામચંદ્રજીના દુઃખ સારુ રોઉં છું. શા માટે જે, રઘુનાથજી અતિ કૃપાળુ છે. તે લોકાપવાદ સારુ મને વનમાં મૂકી, પણ હવે એમ વિચારતા હશે જે, સીતાને મેં વગર વાંકે વનમાં મૂકી છે. એમ જાણીને કૃપાળુ છે તે મનમાં બહુ દુઃખ પામતા હશે. માટે રામચંદ્રજીને કહેજ્યો જે, સીતાને તો કાંઈ દુઃખ નથી ને વાલ્મીક ઋષિના આશ્રમમાં જઈને સુખે તમારું ભજન કરશે. માટે તમે સીતાને દુઃખે કરીને કાંઈ દુઃખ પામશો મા.’ એમ સીતાજીએ લક્ષ્મણજી સંગાથે કહી મોકલ્યું પણ કોઈ રીતે રામચંદ્રજીનો અવગુણ લીધો નહીં. એવી રીતે જે ભગવાન ને ભગવાનના ભક્તનો કોઈ રીતે અવગુણ લે નહીં અને વૈરાગ્ય ને ધર્મ તે તો સામાન્યપણે હોય; એક હરિભક્ત તો એવો છે. અને બીજો હરિભક્ત છે તેને તો વૈરાગ્ય ને ધર્મ તો અતિ આકરા છે પણ સીતાજીના જેવી સમજણ નથી. એ બે પ્રકારના હરિભક્ત છે, તેમાં કયા સંગાથે અતિશય પ્રીતિ રાખીને સોબત કરવી?” પછી ચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું જે, “ધર્મ ને વૈરાગ્ય જો સામાન્યપણે હોય તો પણ જેની જાનકીજીના જેવી સમજણ હોય તેનો જ અતિશય પ્રીતિ કરીને સમાગમ કરવો, પણ અતિશય વૈરાગ્ય ને ધર્મવાળો હોય ને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તો તેનો સંગ કરવો નહીં.[?] પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “યથાર્થ ઉત્તર થયો.”

॥ ઇતિ વચનામૃતમ્ ॥ ૧૧ ॥ ૨૩૪ ॥

**॥ THE VACHANAMRUT ॥**

**GADHADA III-11 : Understanding like that of Sitāji**

On Āshādh sudi 3, Samvat 1884 [27 June 1827], Swāmi Shri Sahajānandji Mahārāj was sitting on a large, decorated cot on the veranda outside the east-facing rooms of Dādā Khāchar's darbār in Gadhadā. He was dressed entirely in white clothes. At that time, an assembly of munis as well as devotees from various places had gathered before Him.

Thereupon Shriji Mahārāj said, "I wish to ask the following question: Is there one means to overcome both the indriyas and the mind? Or is the means to overcome the indriyas different from the means to overcome the mind? That is the question."

The senior paramhansas answered according to their understanding, but Shriji Mahārāj's question was not answered in a satisfactory manner.

So Shriji Mahārāj said Himself, "The answer is that the indriyas are overcome by the four means of vairāgya, swadharma, austerities and niyams. The mind is overcome by the nine types of bhakti coupled with the knowledge of God's greatness."

Muktānand Swāmi then asked, "How can the type of bliss that a devotee of God enjoys in nirvikalp samādhi be enjoyed even without samādhi?"

Shriji Mahārāj replied, "If the devotee has profound attachment and deep love for God and His Bhakta, just like the attachment and love that he has for his own body, then the type of bliss that prevails in nirvikalp samādhi will continue to remain forever, even without that samādhi. That is the only answer."

Thereafter Shriji Mahārāj asked the paramhansas, "What type of understanding must a devotee have, whereby he will in no way recede from the path of liberation regardless of the adverse circumstances he may encounter, and whereby he develops such staunchness that he will not be affected by any obstacles whatsoever?"

The senior sādhus answered according to their understanding, but Shriji Mahārāj's question was not answered satisfactorily.

So Shriji Mahārāj said, “The answer to this is as follows: If a person is profoundly attached to God and His Bhakta, just as he is attached to his body, then he will not be affected by any obstacles. In fact, regardless of the extent of adverse circumstances he may encounter, he will not turn away from God and His Bhakta.”

Then Shriji Mahārāj addressed the paramhansas again. He said, “When Jānkiji was exiled to the forest by Rāmchandraji, she began to lament. Lakshmanji was very sorrowful at that time as well. But then Sitāji explained to Lakshmanji, ‘I am not crying because of my own grief; I am crying for the grief of Rāmchandraji. Because Raghunāthji is extremely compassionate, and since he has exiled me to the forest out of fear of public accusation, he must be thinking, “I have sent Sitā to the forest without any fault of her own.” Knowing this and being compassionate, he must be experiencing severe grief in his mind. So please tell Rāmchandraji, “Sitā is not distressed; she will go to Vālmiki Rishi’s hermitage and happily engage in your worship there. So do not feel any remorse on account of Sitā’s distress.”’ Sitaji sent this message with Lakshmanji, but in no way did she perceive faults in Rāmchandraji.

“Now, one devotee is such that he does not perceive faults in God and His Bhakta, but his vairāgya and dharma are somewhat moderate. On the other hand, another devotee has intense vairagya and dharma, but does not have an understanding like that of Sitā. Of these two types of devotees, which type should one lovingly keep the company of?”

Chaitanyānand Swāmi replied, “One should only keep the company - with intense love - of one who has an understanding like Jānkiji, even though that person’s dharma and vairāgya may be moderate. One should not keep the company of one who, despite having intense vairāgya and dharma, perceives faults in God and His Bhakta.”

Hearing this, Shriji Mahārāj said, “The answer is correct.”